સત્યમેવ જયતે

રે.દિ.મુ.નં.૦૮/ ૨૦૨૫.

-:: આંક- ૫ લગત હુકમ ::-

(૧) આ કામે વાદી ધ્વારા હાલનો દાવો ડેકલેરશન તથા કાયમી મનાઇ હુકમ મેળવવા માટે લાવવામા આવેલ છે. અને વચગાળાનો મનાઇ હુકમ મેળવવા હાલની અરજી કરેલ છે. જેની ટુંકમા હકીકત એવી છે કે, દાહોદ જીલ્લા ના લીમખેડા તાલુકાના મોજે ગામ વીસલંગાની સીમમાં આવેલ ખાતા નં. ૧૦૮ રેવન્યુ સર્વે નં. ૫ હે. ૧-૨૫-૩૫ આકાર રૂા.૨.૦૮ વાળી જમીન અમો વાદીઓની વડીલો પાર્જીત સ્વતંત્ર ખેતીની જમીન આવેલી છે. સદર જમીન હવેથી આ દાવાના કામે "દાવા વાળી જમીન" એવો ઉલ્લેખ કરેલ છે. આ જમીનના મૂળ માલિક કમજીભાઈ મડીયાભાઈ હતા. તેઓ ગુજરી જતાં વાદીઓનુ નામ રેવન્યુ રેકર્ડમાં વારસાઈ નોંધ નં. ૨૯૪ તા. ૨૧/૧૧/૧૯૮૮ થી વારસાઈ હકકે દાખલ થયેલુ ખેડુત ખાતેદાર હુમલીબેન નાઓ ગુજરી જતા તેઓનુ નામ નોંધ નં. ૪૫૬ તા.૨૦/૧૧/૨૦૦૧ થી કમી થયુ. આમ આ દાવાવાળી જમીન વાદીની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલી છે. અને આ જમીનમાં વાદી ખેડ ખાતર કરી વાવણી કરી મકાઈ, ડાંગર ની ઉપજ લે છે. અને તેમના કુટુંબનુ ગુજરાન ચલાવે છે. આ જમીનોનો વેરો પણ વાદી ભરે છે. હાલમાં પણ ખેતી કરી ઉપજ મેળવે છે. અને પાણીપત્રક પણ વાદીના નામે ચાલે છે. પ્રતિવાદીઓ ખુબજ માથાભારે અને ઝનુની છે. પ્રતિવાદીનો દાવાવાળી જમીનમાં કોઈ લાગભાગ હીસ્સો નથી કે વાદીએ કયારેય પણ દાવાવાળી જમીન વેચાણ બક્ષીસ કે ગીરો આપેલ નથી. તેમ છતાં આ

પ્રતિવાદી ચેન કેન પ્રકારે વાદીઓની જમીન પડાવી લેવા માંગે છે. અને તેનો અવાર નવાર ઝઘડો તકરાર કરી વાદીઓની જમીનમાં ગેર કાયદેસર પ્રવેશ કરી કબજો લેવા ની પેરવીઓ કર્યા કરે છે. તા.૨૧/૦૬/૨૦૨૫ ના રોજ સવારના ૧૦ વાગ્યાના અરસામાં વાદી તેમના ખેતરમાં ખેતી કરી અને વાવેતર કરતા હતા ત્યારે તે સમયે આ કામના પ્રતિવાદીઓ તેઓના મળતીયાઓ સાથે આવી વાદીને કહેવા લાગેલા કે આ જમીન હવેથી અમે ખેડવાના છીએ. તેમ જણાવી માં બેન સમાણી ગાળો બોલી વાદીને જબરજસ્તી પકડી જાડ સાથે બાંધી દીધેલા અને વાદીને જણાવેલ કે આ જમીન ફરીથી ખેડવા આવવુ નહી કે આ બાજુ ફરકવુ નહી. નહી તો તને તથા તારી પત્નીને જાનથી મારી નાખીશ તેમ કરી વાદીને ડરાવા લાગેલા અને આજુ બાજુમાં ખેતી કરતા માણસો આવી જતા વાદીને બચાવેલા અને જતા જતા ધમકીઓ આપેલી કે આ જમીન અમો ખેડાવાના છીએ અને જો તેમા ખેતી કરશો તો અમો તમારુ ભેલાણ કરી નાખીશુ અને જાનથી મારી નાખીશુ તેવી ધમકી આપી જતા રહેલા અને ત્યારે અને ત્યાર બાદ આવી ધમકીઓ ચાલુ રાખેલ હોય વાદી આ દાવાવાળી જમીનના કાયદેસરના માલિક અને કબજેદાર છે તેમ છતાં વાદીની જમીનો પડાવી લેવાની પેરવીઓ કરતા હોય આ દાવો લાવવાની જરૂર પડી છે. આમ, આ પ્રતિવાદી ઓની દાનત ચેન કેન પ્રકારે વાદીની દાવાવાળી જમીનમાં પ્રવેશ કરી પડાવી લેવાની હોવાથી આ પ્રતિવાદીઓનો આ દાવાવાળી જમીનોમાં કોઈ હકક હીસ્સો કે લાગભાગ નથી. માત્ર વાદીઓ ખરેખર માલીક છે તેવું ઠરાવવા તથા દાવાવાળી જમીનમાં આ પ્રતિવાદીઓ પ્રવેશ કરે કરાવે નહી કે વાદીના ખેતી કરેલા પાકમાં ભેલાણ કરે કરાવે નહી તેવો કામચલાઉ મનાઈ હુકમ આપવા અરજ કરેલ છે. અને દાવાવાળી જમીનોમાં આ દાવો ચાલે છે ત્યા સુધી અને આખરી નિર્ણય ન

આવે ત્યાં સુધી આ કામના પ્રતિવાદી કે તેમના નોકરો, એજન્ટો, મળતીવાઓ કે સંબધીઓ વિગેરે મારફતે પ્રવેશ કરે કે કરાવે નહી કે વાદીના ઉભા પાકને ભેલાણ કરે કરાવે નહી કે વાદીને નુકશાન થાય તેવુ કોઈ પણ કૃત્ય કરે કરાવે નહી તેવો કામચલાઉ મનાઈ હુકમ આપવા અરજ કરેલ છે.

(૨) પ્રતિવાદીને દાવાનો સમન્સ તથા હાલની અરજીની નોટીસ બજી જતાં પ્રીતવાદી તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થઇ આંક–૧૩ થી વાદીની દાવા અરજી તથા મનાઇ અરજીનો સંયુકત લેખિત જવાબ રજુ કરેલ છે જેમા મહદઅંશે વાદીની દાવા અરજીની હકીકતનો ઇન્કાર કરેલ છે અને એવી હકીકત જણાવે છે કે, વાદી ની દાવા અરજી તથા મનાઈ અરજી ખોટી અને ગેરકાયદેસરની હોઈ રદ થવાને પાત્ર છે. દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના મોજે ગામ વીસલંગાની સીમમાં આવેલ ખાતા નં.૧૦૮ જુનો રે.સ.નં.૭/૧ પૈકી ૧ નવો રે.સ.નં. ૫, હે.૧-૨૫-૩૫ આકાર રૂા.૨-૩૫ પૈસાવાળી જમીન આવેલી છે જે હાલના કામે દાવા વાળી વાદગ્રસ્ત જમીન છે. સદર જમીન પૈકી આ કામના વાદી સંગાડા કંકુબેન કમજીભાઈ મડીયાભાઈની દિકરીનાઓએ પ્રતિવાદીઓને રૂા.૬૨,૫૫૧/- માં તા.૨૪/૦૧/૨૦૦૫ ના રોજ પંચો રૂબરૂ અઢી વીઘા એટલે કે, ૫૯ ગુંઠા જમીન જેનુ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦૦-૫૯-૦૦ વાળી જમીન વેચાણ આપેલી અને જે બાબતે રૂા.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર પર પંચો રૂબરૂ લખાણ કરી આપેલ અને ત્યારથી સદર જમીનના માલીક, કબજેદાર અને ભોગવટેદાર પ્રતિવાદીઓ છે. આમ, વાદીઓએ દાવાને તથા મનાઈ અરજીને અનુરૂપ ખોટી હકીકતો ઉપજાવી કાઢી જમીન પચાવી પાડવા સારૂ હાલનો આ સદંતર ખોટો દાવો તથા મનાઈ અરજી કરેલ છે. જેથી તે રદ થવા પાત્ર છે. વાદીએ પ્રતિવાદીઓને સદરહું અઢી વીઘા એટલે કે, ૫૯ ગુંઠા જમીન જેનુ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦૦-૫૯-૦૦ વાળી જમીન

વેચાણ આપી ત્યારથી સદર વેચાણ આપેલ જમીનમાં પ્રતિવાદીઓનો કબજો ભોગવટો આવેલ છે અને પ્રતિવાદીઓ સદરહું જમીન ખેતી કરતા આવેલ છે અને પાક લેતા આવેલ છે. સદરહું અઢી વીઘા એટલે કે, ૫૯ ગુંઠા જમીન જેનુ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦૦-૫૯-૦૦ વાળી જમીન વેચાણ આપ્યા બાદ આજદિન સુધી વાદીઓનો કોઈ જ કબજો ભોગવટો આવેલ નથી તેમ છતા પોતાનો કબજો આવેલ હોવા અને ખેતી કરી ઉપજ મેળવતા હોવાની ખોટી હકીકતો ઉપજાવી કાઢી હાલનો ખોટો દાવો તથા મનાઈ અરજી દાખલ કરેલ છે. વાદીઓ સાથે કોઈપણ જાતની બોલાચાલી થયેલ ન હોવા છતા ધમકીઓ આપ્યાની હકીકતો ખોટી રીતે ઉપજાવી કાઢેલ છે. ખરી હકીકતે સદરહુ દાવાવાળી જમીન વાદીઓએ અઢી વીઘા એટલે કે, ૫૯ ગુંઠા જમીન જેનુ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦૦-૫૯-૦૦ વાળી જમીન વેચાણ આપી ત્યારથી અમો પ્રતિવાદીઓનો સતત એકધારો પ્રત્યક્ષ માલીકી કબજા ભોગવટા વાળી આવેલી છે અને સદર દાવાવાળી જમીનમાં ખેતી કરી ઉપજ લેતા આવ્યા છે. અને તે હકીકત વાદીઓ સારી રીતે જાણતા હોવા છતાં સદંતર ખોટી હકીકત ઉપજાવી કાઢી હાલનો ખોટો દાવો તથા સદંતર ખોટી મનાઈ અરજી દાખલ કરેલ છે. પ્રતિવાદીઓએ વાદીઓને કોઈપણ જાતની ધાક ધમકી આપેલ નથી કે તેમને અડચણરૂપ થાય તેવુ કોઈ કૃત્ય કરેલ નથી તેમ છતા માત્ર ને માત્ર પ્રતિવાદીઓના અઢી વીઘા એટલે કે, ૫૯ ગંઠા જમીન જેનુ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦૦-૫૯-૦૦ વાળી જમીન કાયદેસરના કબજા ભોગવટામાં આવેલ તે જમીનનો કબજો પ્રતિવાદીઓ પાસેથી પડાવી લેવા સારૂ પ્રતિવાદીઓ વિરૂધ્ધ ખોટુ કારણ ઉપજાવી કાઢી ખોટી દાવા અરજી તથા મનાઈ અરજી દાખલ કરેલ છે. પ્રતિવાદી નં. ૧ થી ૩ નાઓએ સદરહું દાવાવાળી જમીન બાઈ કંકુબેન તે કમજીભાઈ મડીયાભાઈ સંગાડાની દિકરી

પાસેથી તા.૨૪/૦૧/૨૦૦૫ ના રોજ રૂા.૬૨,૫૫૧/- ચુકવીને પંચ/સાક્ષીઓની હાજરીમાં સદરહું જુનો રે.સ.નં. ૭/૧ પૈકી નવો રે.સ.નં. ૫ ના ક્ષેત્રફળ માંથી અઢી વીઘા એટલે કે, ૫૯ ગુંઠા જમીન જેનુ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦૦-૫૯-૦૦ વાળી જમીન વેચાણ રાખેલ હતી અને ત્યારબાદથી પ્રતિવાદીઓ સદરહું દાવાવાળી જમીન ઉપર કાયદેસરનો કબજો ભોગવટો ધરાવે છે. અને સદરહું દાવાવાળી જમીનમાં ખેતી કરતા આવ્યા છે અને ઉપજ લેતા આવેલ છે. આ કામના મુળ વેચાણ આપનાર હાલના કામના વાદીઓ પંચો રૂબરૂ નો દસ્તાવેજ કરી આપી રૂા.૬૨,૫૫૧/- નો અવેજ લઈ તા.૨૪/૦૧/૨૦૦૫ ના રોજ કરી આપેલ છે તે અઢી વીઘા એટલે કે, ૫૯ ગુંઠા જમીન જેનુ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦૦-૫૯-૦૦ વાળી જમીન આ કામના વાદી નં.૧ નાએ પંચો રૂબરૂ વેચાણ આપેલ છે અને તે વેચાણખતમાં વાદીએ પંચો રૂબરૂ અંગુઠો કરી આપેલ છે. વાદીના પતિ તથા ત્રણે છોકરાઓના સહી અંગુઠા કરી આપી પ્રત્યક્ષ કબજો ભોગવટો સોંપેલ છે. વાદગ્રસ્ત વેચાણ આપેલ જમીનનો પ્રત્યક્ષ કબજો ભોગવટો પંચો રૂબરૂ આપેલ છે. આમ, વાદીએ વેચાણ આપ્યા બાદ મેળવવા સંબંધી બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ-૭૩એ(૨) મુજબ એક વર્ષની અંદર મહેરબાન જીલ્લા કલેકટરને પરત મેળવવા સંબંધી અરજી કરી પરત મેળવવા કોઈ કાર્યવાહી કરેલ નથી કે જે તે સમયના વેચાણ આપનારાઓ એટલે કે હાલના કામના વાદીએ પ્રતિવાદીઓ પાસેથી વેચાણ આપેલ જમીન મેળવવા સંબંધી કોઈ કાયદાકીય કાર્યવાહી કરેલ નથી પરંતુ હાલમાં જમીન કિંમતમાં ખુબજ વધારો થવાથી અને વાદીઓની સદર જમીન પચાવી પાડવાની બદદાનતના પરીણામે માત્રને માત્ર પ્રતિવાદીઓ પાસેથી નાણાં પડાવવા અન્યથા પ્રતિવાદીઓ પાસેથી અન્યાયી રીતે જમીન પચાવી પાડવા સારુ વાદીઓએ એકત્રીત થઈને હાલની ખોટી દાવા અરજી તથા

મનાઈ અરજી કરેલ છે જેથી વાદીઓની દાવા તથા મનાઈ અરજી રદ થવાને પાત્ર છે. પ્રતિવાદીઓ તેમની માલીકી અને કબજા ભોગવટાની વેચાણ રાખેલ જમીનમાં ખેતી કરી શકે નહી તેવી બદદાનત રાખીને પ્રતિવાદીઓની કાયદેસરની માલીકીની દાવાવાળી જમીનનો કબજો પડાવી લેવા સારૂ હાલની આ દાવા અરજી તથા મનાઈ અરજી વાદીઓ ધ્વારા દાખલ કરેલ છે. તેથી સદરહું દાવો ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

(૩) વાદી તરફે આંક-૧૬ થી પ્રતિવાદીએ રજુ કરેલ લેખિત જવાબ સામે કાઉન્ટર એફીડેવીટ રજુ રાખેલ છે. જેમાં પ્રતિવાદીના દાવા જવાબની હકીકતોનો ઈન્કાર કરેલ છે. અને પોતાના દાવાની હકીકતોને વળગી રહેલ છે.

(૪) બન્ને પક્ષોની દલીલો સાંભળી, વાદીના વિ.વકીલશ્રી તેઓની અરજી મુજબની રજુઆત કરતા જણાવે છે કે,દાવાવાળી જમીન વાદીઓની માલીકી કબજા ભોગવટાની આવેલ છે. પ્રતિવાદીઓનો તેમાં કોઇ હકક અધિકાર નથી રેવન્યુ રેકર્ડમાં પણ દાવાવાળી જમીન વાદીના નામે ચાલે છે. અને દાવાવાળી જમીનનું મહેસુલ પણ વાદી ભરે છે. પ્રતિવાદીઓ બળજબરી પુર્વક વાદીની જમીન પચાવી પાડવા માંગતા હોય વાદીએ હાલનો દાવો લાવેલ છે. વાદીઓએ કયારેય જમીન વેચાણ કરેલ નથી. તે સંજોગોમાં વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવા અરજ કરેલ છે.

(૫) પ્રતિવાદીના વિ.વકીલ શ્રી રજુઆત કરતા જણાવે છે કે, વાદીઓએ દાવાવાળી જમીન પૈકી અઢી વીધા જમીન એટલે કે ૫૯ ગુંઠા જમીન પ્રતિવાદીઓને વેચાણ આપેલ છે. અને તે અંગે પંચો/સાક્ષીઓ રૂબરૂ વેચાણ ખત પણ તા.૨૪/૧/૨૦૦૫ ના રોજ કરી આપેલ છે. અને જમીનનો કબજો પણ પ્રતિવાદીઓને સોંપી આપેલ છે. અને ત્યારથી પ્રતિવાદીઓ

દાવાવાળી જમીનમાં કબજો ભોગવટો ધરાવે છે. અને ખેતી કરે છે. વાદીને જામીનનો અવેજ પણ ચુકવી આપેલ છે. પરંતુ જમીનના ભાવ વધતા વાદીએ પ્રતિવાદીની જમીન પચાવી પાડવા ખોટો દાવો કરેલ છે. લેન્ડ રેવન્યુ કોડની કલમ ૭૩ એ.એ. ની પેટા કલમ (૩) ની જોગવાઇ ધ્યાને લેતા કોઇ આદિવાસી વ્યકિત બીજી આદિવાસી વ્યકિતને વિના પરવાનગીએ વેચાણ તબદીલ કરે તો તેવી જમીન મુળ ધારણ કરનાર વ્યકિતએ બે વર્ષમાં અરજી કરે તો મુળ ધારણ કરનારને પરત કરવાની જોગવાઇ છે. અને જો બે વર્ષમાં આવી અરજી ના કરે તો જમીન જે આદિવાસીને તબદીલ થયેલ હોય તેની પાસે રહે તેવી જોગવાઇ કરવામાં આવેલ છે. આ કામે વાદીએ ૨૦૦૫ માં જમીન તબદીલ કરેલ છે. અને આજદીન સુધી જમીન પરત મેળવવા કોઇ અરજી કરેલ નથી જેથી જમીન પ્રતિવાદી પાસે જ રહે. તે સંજોગોમાં પણ પ્રતિવાદીના કબજા ભોગવટમાં જમીન હોય વાદીની અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૬) અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થયેલ છે.

<u>-:: મુદ્દાઓ ::-</u>

૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે. ?

૨) શું સમતુલાનુ પલ્લુ વાદીની તરફેણમાં છે. ?

૩) શું વાદીને નાણામાં ન મુલવાય તેવુ નુકશાન થવા સંભવ છે.?

૪) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નીર્ણયના જવાબ નીચે મુજબ છે.

૧) હકારમાં

૨) હકારમાં

૩) હકારમાં

૪) આખરી હુકમ મુજબ.

<u>-:: કારણો ::-</u>

<u>મુદા નં.૧ થી ૩ ની સંયુકત ચર્ચા :-</u>

આ કામે મુદા નં. ૧ થી ૩, એક બીજા સાથે સંકળાયેલા હોય પુનરાર્વતન નીવારવા માટે મુદા નં.૧ થી ૩ ની ચર્ચા એક સાથે કરવામા આવેલી છે.

(૮) આ કામે બન્ને પક્ષની દલીલો સાંભળી, કાયદાકીય સ્થિતી ધ્યાને લીધી. કેસનુ રેકર્ડ વંચાણે લીધુ. વાદીના દાવા અરજીની હકીકત જોતા વાદી ધ્વારા તેમની અરજીમાં એવી રજુઆત કરવામાં આવેલ છે કે, દાવાવાળી જમીન વાદીની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલી છે. અને આ જમીનમાં વાદી ખેડ ખાતર કરી વાવણી કરી મકાઈ, ડાંગર ની ઉપજ લે છે. અને તેમના કુટુંબનુ ગુજરાન ચલાવે છે. આ જમીનોનો વેરો પણ વાદી ભરે છે. હાલમાં પણ ખેતી કરી ઉપજ મેળવે છે. અને પાણી પત્રક પણ વાદીના નામે ચાલે છે. પ્રતિવાદીઓ ખુબજ માથાભારે અને ઝનુની છે. પ્રતિવાદીનો દાવા વાળી જમીનમાં કોઈ લાગભાગ હીસ્સો નથી કે વાદીએ કયારેય પણ દાવા વાળી જમીન વેચાણ બક્ષીસ કે ગીરો આપેલ નથી. તેમ છતાં આ પ્રતિવાદી યેન કેન પ્રકારે વાદીઓની જમીન પડાવી લેવા માંગે છે. અને તેનો અવાર નવાર ઝઘડો તકરાર કરી વાદીઓની જમીનમાં ગેર કાયદેસર પ્રવેશ કરી કબજો લેવા ની પેરવીઓ કર્યા કરે છે. તેથી હાલનો દાવો કરી વચગાળાનો મનાઇ હુકમ મેળવવા હાલની અરજી કરેલ છે. પ્રતિવાદી તરફે વાદીના દાવાની હકીકતોનો ઈન્કાર કરી દાવાવાળી જમીન પૈકી આ કામના વાદી સંગાડા કંકુબેન કમજીભાઈ મડીયાભાઈની દિકરીનાઓએ પ્રતિવાદીઓને

રૂા.૬૨,૫૫૧/– માં તા.૨૪/૦૧/૨૦૦૫ ના રોજ પંચો રૂબરૂ અઢી વીઘા એટલે કે, ૫૯ ગુંઠા જમીન જેનુ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦૦–૫૯–૦૦ વાળી જમીન વેચાણ આપેલી અને જે બાબતે રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર પર પંચો રૂબરૂ લખાણ કરી આપેલ અને ત્યારથી સદર જમીનના માલીક, કબજેદાર અને ભોગવટેદાર પ્રતિવાદીઓ છે. આમ, વાદીઓએ દાવાને તથા મનાઈ અરજીને અનુરૂપ ખોટી હકીકતો ઉપજાવી કાઢી જમીન પચાવી પાડવા સારૂ હાલનો આ સદંતર ખોટો દાવો તથા મનાઈ અરજી કરેલ છે. જેથી તે રદ થવા પાત્ર છે. તેવી હકીકત જણાવેલ છે.

(૯) બન્ને પક્ષના પક્ષ નિવેદન તથા રજુઆત તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા દાવાવાળી જમીન રેવન્યુ રેકર્ડમાં વાદીઓના નામે આવેલ છે. વાદી તરફે નિ.૩/૧ થી દાવાવાળી જમીનીના ગામ નમુના નં. ૮–અ, નિ.૩/૨ થી ગામ નમુના નં. ૭ તથા નિ.૩/૩ થી ગામ નમુના નં. ૧૨ ની નકલો રજુ કરેલ છે. જે જોતા દાવાવાળી જમીન રેવન્યુ રેકર્ડમાં વાદીઓના નામે આવેલ છે. અને વાદી તરફે રજુ કરેલ નિ.૩/૪ ના ગામ નમુના નં. ૬ હકક પત્રકની નકલ જોતા સદર જમીન વાદીઓને વારસાઇ થી મળેલ હોવાનું જણાય આવે છે. અને સદર જમીનના વાદીઓ સંયુકત માલીક હોવાનું જણાય આવે છે. પ્રતિવાદી તરફે તેમના જવાબમાં વાદી નં. ૧ કંકુબેન કમજીભાઇએ દાવાવાળી જમીન પૈકી અઢી વીઘા જમીન એટલે કે ૫૯ ગુંઠા જમીન પ્રતિવાદીઓને વેચાણ આપેલ હોવાનું જણાવેલ છે. અને નિં. ૧૪/૧ થી અન રજીસ્ટર્ડ વેચાણ ખતની નકલ રજુ રાખેલ છે. સદર વેચાણ ખત જોતા અન રજીસ્ટર્ડ છે. અને રજીસ્ટ્રેશન એકટની કલમ ૧૭ ની જોગવાઇ ધ્યાને લેતા રૂા.૧૦૦/– થી વધારે રકમનુ સ્થાવર મિલ્કતનુ વેચાણ ખત ફરજીયાત રજીસ્ટર હોવુ જોઇએ જો આ પ્રકારનો દસ્તાવેજ રજીસ્ટર્ડ ન હોય તો

રજીસ્ટ્રેશન એકટની કલમ ૪૯ મુજબ તે પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહી. જો કે આ પ્રકારનો દસ્તાવેજ કોલેટરલ પર્પઝ માટે ધ્યાને લઇ શકાય તે સંજોગોમાં પ્રતિવાદીએ વાદીને અવેજની રકમ આપેલ હોવા પુરતી હકીકત ધ્યાને લઇ શકાય પરંતું આ પ્રકારના અન રજીસ્ટર્ડ દસ્તાવેજથી પ્રતિવાદીને કોઇ માલીકી હકક પ્રાપ્ત થતો નથી. ઉપરાંત પ્રતિવાદીના કથન મુજબ દાવાવાળી જમીન પૈકી ૫૯ ગુંઠા જમીન તેમણે વાદી નં. ૧ પાસેથી વેચાણ રાખેલ છે. પરંતું વાદી નં. ૧ ના ભાગે ૫૯ ગુંઠા જમીન આવતી હતી તેવી કોઇ હકીકત રેકર્ડ પર જણાય આવતી નથી. તેમજ સદર કામે રેવન્યુ રેકર્ડ ધ્યાને લેતા સદર જમીનમાં ત્રણેય વાદીઓ સહ માલીકો છે. અને માત્ર વાદી નં. ૧ ને સદર જમીનમાંથી ૫૯ ગુંઠા જમીન મળવા પાત્ર હોવાનું કે વાદી નં. ૧ ને દાવાવાળી જમીન પૈકી ૫૯ ગુંઠા જમીન વેચાણ કરવાનો હકક પ્રાપ્ત થતો હોવાનું જણાય આવતુ નથી. તેમજ સદર જમીન સંયુકત માલીકની હોય માત્ર વાદી નં. ૧ ને વેચાણ આપવાનો હકક પ્રાપ્ત થતો નથી અને વાદી નં. ૧ નાએ વાદી નં. ૨ અને ૩ ની કોઇ સહમતી મેળવેલ હોય તેવી કોઇ હકીકત જણાય આવતી નથી. તે સંજોગોમાં વેચાણ આપનારને જ જયારે વેચાણ આપવાના હકક પ્રાપ્ત થતા ન હોય ત્યારે તેવા હકક વેચાણ લેનારને પણ પ્રાપ્ત થતા હોવાનું માની શકાય તેમ નથી. ઉપરાંત દાવાવાળી જમીન પૈકી ૫૯ ગુંઠા જમીન કઇ દીશામાં અને કયા હદ નિશાન વાળી જમીન પ્રતિવાદીએ વેચાણ રાખેલ છે તેવી કોઇ સ્પષ્ટ હકીકત પણ જણાય આવતી નથી.

(૧૦) ઉપરાંત પ્રતિવાદી તરફે ભાર પુર્વક દલીલ કરતા એવી હકીકત જણાવવામમાં આીવેલ છે કે, લેન્ડ રેવન્યુ કોડની કલમ ૭૩ એ.એ. ની પેટા કલમ (૩) ની જોગવાઇ ધ્યાને લેતા કોઇ આદિવાસી વ્યકિત બીજી આદિવાસી વ્યકિતને વિના પરવાનગીએ વેચાણ તબદીલ કરે તો તેવી જમીન

મુળ ધારણ કરનાર વ્યકિતએ બે વર્ષમાં અરજી કરે તો મુળ ધારણ કરનારને પરત કરવાની જોગવાઇ છે. અને જો બે વર્ષમાં આવી અરજી ના કરે તો જમીન જે આદિવાસીને તબદીલ થયેલ હોય તેની પાસે રહે તેવી જોગવાઇ કરવામાં આવેલ છે. આ કામે વાદીએ ૨૦૦૫ માં જમીન તબદીલ કરેલ છે. અને આજદીન સુધી જમીન પરત મેળવવા કોઇ અરજી કરેલ નથી જેથી જમીન પ્રતિવાદી પાસે જ રહે. અને તે અનુસંધાને ગુજરાત સરકારશ્રીનો પરીપત્ર રજુ રાખેલ છે. તે હકીકત ધ્યાને લેતા આ કામના બન્ને પક્ષકાર આદીવાસી છે તેવી હકીકત રેકર્ડ પર આવવી જોઇએ વાદી કે પ્રતિવાદી કોઇ પણ આદીવાસી જાતીના હોય તેવી કોઇ હકીકત બન્ને પક્ષે તેમના પક્ષનિવેદનમાં પણ જણાવવામાં આવેલ નથી. વાદી તરફે રજુ રાખેલ નિ.૩/૬ ના હકક પત્રકની નકલ જોતા ખાતેદારો અનુસુચિત જાતીના હોવાથી દાવાવાળી તથા અન્ય જમીનો નવી શરતની ગણવામાં આવેલ છે. તે જોતા વાદીઓ અનુસુચિત જાતીના હોવાનું જણાય આવે છે. પરંતું અનુસુચિત જન જાતીના કે આદીવાસી હોય તેવી કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી તેમજ પ્રતિવાદી પણ આદીવાસી જાતીના હોય તેવો કોઇ દસ્તાવેજી પુરાવો રેકર્ડ પર રજુ કરવામાં આવેલ નથી. ઉપરાંત બન્ને પક્ષકાર આદીવાસી જાતીના છે તેવુ માની લેવામાં આવે તો પણ સદર લેન્ડ રેવન્યુ કોડની કલમ ૭૩ એ.એ. ની પેટા કલમ (૩) ની જોગવાઇ ધ્યાને લેતા તેમાં જમીન કોઇ આદિવાસી વ્યકિત બીજી આદિવાસી વ્યકિતને વિના પરવાનગીએ વેચાણ તબદીલ કરે તો સદર કલમ અમલમાં આવે છે. હાલના કેસમાં જમીન વેચાણ કરે તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય આવતુ નથી કારણ કે રાજીસ્ટ્રેશન એકટની કલમ ૧૭ મુજબ રજીસ્ટર્ડ દસ્તાવેજ થયેલ નથી ઉપરાંત વાદી નં. ૧ ને ૫૯ ગુંઠા જમીનમાં કોઇ માલીકી હકક પ્રાપ્ત થતો ન હોય તેથી

માત્ર વાદી નં. ૧ અન્ય સહ માલીકની સહમતી વગર ૫૯ ગુંઠા જમીન તબદીલ કરી શકે નહીં. તે સંજોગોમાં જયારે વેચનારને જ વેચાણ આપવાનો હકક પ્રાપ્ત થતો ન હોય તો ખરીદનારને પણ તેવો કોઇ હકક પ્રાપ્ત થતો નથી. તેમજ સદર દસ્તાવેજ સને ૨૦૦૫ ની સાલનો છે. અને આજ દીન સુધી પ્રતિવાદીએ તે દસ્તાવેજના આધારે કોઇ જગ્યાએ માલીકી હકક મેળવવા કલેઇમ કરેલ હોય કે રેવન્યુ રેકર્ડમાં તેમનું નામ દાખલ કરાવવા કોઇ પ્રયત્ન કરેલ હોય કે રજીસ્ટર્ડ દસ્તાવેજ કરાવી લેવા કોઇ પ્રયત્ન કરેલ હોવાનું જણાય આવતુ નથી. તે સંજોગોમાં પ્રતિવાદીઓને દાવાવાળી જમીનમાં કોઇ હકક પ્રાપ્ત થતો હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાય આવતુ નથી.

(૧૧) ઉપરાંત આ કામે કબજા સબંધે બન્ને પક્ષકારોએ દાવાવાળી જમીનમાં પોતાનો કબજો હોવાનું જણાવેલ છે. અને બન્ને પક્ષકારોએ અલગ અલગ વયકિતઓના કબજા સબંધે સોગંદનામા રજુ કરેલ છે. પરંતું માત્ર સોગંદનામાં રજુ કરવાથી કબજો નકકી થઇ શકે નહીં તેમજ ખેતીની જમીન બાબતમાં કબજો નકકી થઇ શકતો ન હોય ત્યારે જે વ્યક્તિને વધુ સારૂ ટાઇટલ પ્રાપ્ત થતુ હોય તેનો કબજો હોવાનું અનુમાન કરવાનું રહે છે. તે હકીકત ધ્યાને લેતા વાદી તરફે રજુ રાખેલ રેવન્યુ રેકર્ડમા વાદીના નામે રેવન્યું રેકર્ડ હોવાનું જણાય આવે છે. પ્રતિવાદી તરફે રજુ રાખેલ વેચાણ ખત અન રજીસ્ટર્ડ છે. તેથી તે પુરાવામાં વેચાણ તરીકે ધ્યાને લઇ શકાય તેમ નથી કે તેના આધારે પ્રતિવાદીને માલીકી હકક પ્રાપ્ત થતા નથી. ઉપરાંત સદર વેચાણ ખત ૨૦૦૫ ની સાલ નું છે અને તે અનુસંધાને પ્રતિવાદીએ આજદીન સુધી રેવન્યુ રેકર્ડમાં પોતાનું નામ દાખલ કરાવવા કોઇ કાર્યવાહી કરેલ હોવાનું જણાય આવતુ નથી. અને દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓનો કબજો હોય તેવુ દર્શાવતો અન્ય કોઇ દસ્તાવેજી પુરાવો પ્રતિવાદી તરફે રજુ કરવામાં

આવેલ નથી. અને પ્રતિવાદી તરફે તેમણે માત્ર વાદી નં. ૧ કંકુબેન કમજીભાઇ પાસેથી દાવાવાળી જમીન પૈકી ૫૯ ગુંઠા જમીન ખરીદ કરેલ હોવાનું જણાવેલ છે. તે કંકુબેનને દાવાવાળી જમીનમાંથી ૫૯ ગુંઠા જમીન પ્રપ્ત થતી હોવાનું કે ૫૯ ગુંઠા જમીન તેમને વેચાણ કરવાનો હકક કે અધિકાર પ્રાપ્ત થતો હોવાનું પણ જણાય આવતુ નથી. અને પ્રતિવાદીએ દાવાવાળી જમીન પૈકી કઇ દીશાની અને કયા હદદ નિશાન વાળી જમીન ખરીદ કરેલ છે તેવી કોઇ સ્પષ્ટ હકીકત પણ રેકર્ડ પર આવતી નથી. તેવા સંજોગોમાં રેવન્યુ રેકર્ડમાં વાદીઓના નામ આવેલ હોય વાદીઓને વધુ સારૂ ટાઇટલ પ્રાપ્ત થતુ હોવાનું જણાય આવતુ હોય દાવાવાળી જમીનમાં વાદીઓનો કબજો હોવાનું અનુમાન કરવાનું થાય છે. અને પ્રતિવાદીને દાવાવાળી જમીનમાં માલીકી કે કબજા ભોગવટાનો હકક પ્રાપ્ત થતો હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાય આવતુ નથી. તે સંજોગોમાં વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું જણાય આવે છે.

(૧૨) આમ, વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોવાનુ જણાય આવતુ હોય વાદીને વચગાળાનો મનાઇ હુકમ આપવામાં ન આવે અને પ્રતિવાદીઓ વાદીના દાવાવાળી જમીનના કબજા ભોગવટામાં પ્રવેશ કરી ભેલાણ કરે કે દાવાવાળી જમીનને નુકશાન કરે તો વાદીના હકક હિતને નાણાંમાં ભરપાઇ ના થઇ શકે તેવુ નુકશાન થતુ હોવાનુ જણાય આવે છે. જયારે વાદીને માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીને દાવાવાળી જમીનમાં કોઇ હકક અધિકાર પ્રાપ્ત થતા ન હોય પ્રતિવાદીઓને કોઇ નુકશાન થતુ હોવાનુ જણાય આવતુ નથી. તે સંજોગોમાં સમતુલાનું પલ્લુ પણ વાદીની તરફેણમાં હોવાનું જણાય આવે છે. તે તમામ હકીકતો ધ્યાને લેતા વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું જણાય આવે છછે. અને બેલેન્સ ઓફ

કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં હોવાનું જણાય આવે છે. અને મનાઇ હુકમ નહી આપવાથી વાદીને નાણાંમાં ભરપાઇ ના થાય તેવુ નુકશાન થવાનું પણ જણાય આવે છે. તે તમામ હકીકતો ધ્યાને લેતા મુદ્દા નં.૧ થી ૩, નો જવાબ **''હકારમાં''** આપી મુદ્દા નં.૪ અન્વયે નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

–:: હુ ક મ ::–

૧) વાદીની હાલની આંક–૫ની વચગાળાનો મનાઇ હુકમ મેળવવાની અરજી આથી **મંજુર** કરવામા આવે છે.

૨) દાવાનો આખરી નીકાલ થતા સુધી પ્રતિવાદી ઓએ જાતે કે તેમના નોકર, એજન્ટ, મળતીયાઓ કે સબંધીઓ વિગેરે મારફત દાવાવાળી જમીનમાં પ્રવેશ કરવો કરાવવો નહી. કે દાવાવાળી જમીનમાં ભેલાણ કરવુ કરાવવુ નહીં. કે દાવાવાળી જમીનને નુકશાન થાય તેવુ કોઇ પણ કૃત્ય કરવુ કરાવવુ નહી. તેવો દાવાના આખરી નીકાલ થતા સુધી વચગાળાનો મનાઇ હુકમ આપવામાં આવે છ.

૩) ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

હુકમ આજરોજ તા.૩૦ મી, માહે–જુલાઇ, સને–૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૩૦/૦૭/૨૦૨૬
સ્થળ: લીમખેડા.

(મહેમુદ ઉસ્માન કુરમાની)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
લીમખેડા.
U.Id.code no.GJ 01012